# ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ

## નડિયાદ વેટરનરી સેન્ટર ટ્રાન્સપોર્ટ ટેન્ડર ડોક્યુમેન્ટ

**આ ટ્રાન્સપોર્ટ ટેન્ડર અમૂલ ડેરી સંકલિત ગ્રામ્ય દૂધ મંડળીઓમાં કામગીરી માટે અમૂલ ડેરી, આણંદના નડીયાદ વેટરનરી સેન્ટરના પરિવહન માટેનું છે.**

---

**ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટની અવધિ : ૦૧.૦૮.૨૦૨૪ થી ૩૦.૧૧.૨૦૨૫ (૧૬ માર્સ)**

---

**ટેન્ડર માટે રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરવાની તારીખ : ૨૪.૦૬.૨૦૨૪ થી ૦૨.૦૭.૨૦૨૪**
**ટેન્ડર સાથે ભરવાની ડિપોઝીટની રકમ રૂા.૨૦,૦૦૦/– નો ડિમાન્ડ ડ્રાફટ વાહન દીઠ**

---

**નોંધ : ડિમાન્ડ ડ્રાફ્કટ (રાષ્ટ્રીયકૃત બેન્કનો) "ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ" ના નામનો કઢાવવો. જે રજીસ્ટ્રેશન ફોર્મ સાથે સામેલ કરવાનો રહેશે. ડિપોઝીટની રકમ સિવાયનું રજીસ્ટ્રેશન ફોર્મ ધ્યાનમાં લેવામાં આવશે નહી / રદ થવાને પાત્ર ગણાશે.**

---

**નોંધ :**

૧. રસ ધરાવતી તમામ પાર્ટીઓએ ટેન્ડર https://tender.amuldairy.com વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી સદર ટેન્ડરમાં પાન નં ૪, ૫ પર આપવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મ તથા કબુલાતનામું સુવાચ્ય અક્ષરે તમામ વિગતો ભરી અર્નેષ્ટ મની ડિપોઝીટના ડિમાન્ડ ડ્રાફટ તથા પાનકાર્ડ – આધારકાર્ડની નકલ સાથે શ્રી. સી.ઈ.ઓ (આરડા) ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદતે તારીખ : **૨૪.૦૬.૨૦૨૪ થી ૦૨.૦૭.૨૦૨૪** સુધીમાં જમા કરાવવાના રહેશે.

૨. પોસ્ટ અથવા કુરીયર મારફતે ટેન્ડર રજીસ્ટ્રેશન ફોર્મ મોકલનાર પાર્ટીએ કવર ઉપર ટ્રાન્સપોર્ટરનું નામ, સરનામું, તથા ફોન નંબર અવશ્ય લખવો.

૩. ડિપોઝીટના ડિમાન્ડ ડ્રાફટની પાછળ ટ્રાન્સપોર્ટરનું નામનું નામ અવશ્ય લખવું.

૪. ટેન્ડર મંજૂર થયે કોન્ટ્રાકટની શરતો / નિયમો સ્વીકૃતી સાથે સહી તથા સિકકા કરી આપવાના રહેશે. આ સાથે અન્ય વધારાની માહિતી કે શરતો સ્વીકારવામાં આવશે નહી.

---

# ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ

## જાહેરાત

સંઘ સંયોજીત સઘળી દૂધ મંડળીઓના પશુ સારવાર માટે નડીયાદ વેટરનરી સેન્ટરના ઉપયોગ માટે ૧૬ માસની મુદત માટે ટેક્ષી પીર્સીંગ તેમજ **૨૦૨૨ કે તેથી ઉપરના મોડલની** : બોલેરો /સ્કોર્પીઓ ભાડે ફેરવવા માટે ટેન્ડર મંગાવવામાં આવે છે, જે નીચે મુજબ જણાવેલ સેન્ટર જરૂરીયાત હોવાથી આ કામ માટે રસ ધરાવનાર પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સેન્ટર / વિભાગનું નામ | વાહનની સંખ્યા | વાહનનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | નડીયાદ વેટરનરી સેન્ટર ગંગાબાના મુવાડા પાસે, દાવડા ચોકડી, (દંતાલી–ન) નેશનલ હાઈવે–૪૮ | ૧૧ | બોલેરો / સ્કોર્પીઓ |

આ અંગે નીચે મુજબની સુચનો ધ્યાનમાં લેશો. ટેન્ડરના નિયમો મુજબ વાહન ન જણાતા મંજુર થયેલ ટેન્ડર નામંજુર ગણાશે.

- વાહનની રજીસ્ટ્રેશન બુકમાં જેનું નામ હોય તે જ નામે ટેન્ડરમાં (કોન્ટ્રાકટર) નું નામ હોવુ જોઈએ.
- સંઘ સંયોજીત મંડળી કે સંઘના હોદેદારો અને કર્મચારી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોન્ટ્રાકટ લઈ શકશે નહી. કોઈપણ ટેન્ડર મંજૂર કે ના મંજૂર કરવા અંગેની તમામ સત્તા સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રીની રહેશે જે સૌને બંધનકર્તા રહેશે.

**મેનેજીંગ ડિરેકટર**

# ટેન્ડર ભરવા માટેની જરૂરી સુચના તથા માહિતી.

૧. સદર અમૂલ ડેરી સંકલિત ગ્રામ્ય દૂધ મંડળીઓમાં કામગીરી માટે અમૂલડેરી, આણંદ, નડીયાદ વેટરનરી સેન્ટર માટેના પરિવહન ટેન્ડરમાં ભાગ ઈચ્છતા દરેક ટ્રાન્સપોર્ટરે સાથે આપવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મ સંપૂર્ણ વિગત સાથે અત્રે જમા કરાવવાનું રહેશે.

૨. સદર ટેન્ડર માટે આપે પરિવહન કામગીરી માટેના ભાવ આપે ઓનલાઈન ભરવાનાં રહેશે. જે ભાવ ભરવા માટેની લીંક, તારીખ તથા સમય આપે રજીસ્ટ્રેશન ફાર્મમાં આપેલ ઈમેઈલ આઈ.ડી. તથા મોબાઈલ નંબર ઉપર મોકલી આપવામાં આવશે.
નોધઃ આપે રજીસ્ટ્રેશ ફોર્મમાં આપેલ ઈમેઈલ આઈ.ડી. તથા મોબાઈલ નંબર સંપૂર્ણ ટેન્ડર પ્રકિયા દરમ્યાન હમેંશા ચાલુ રાખવાના રહેશે.

**૩. આપે ઓનલાઈન વેટરનરી ટ્રાન્સપોર્ટની કામગીરી માટેના ભાવ રૂા. ૮૯.૯૫ પૈસા પ્રતિ લીટર ડિઝલના ભાવને ધ્યાનમાં લઈ ભરવાના રહેશે.**

૪. જો આપને નડીયાદ વેટરનરી ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટ આપવામાં આવે તો આપે વાહનના લગતા સઘળા દસ્તાવેજી કાગળો રજુ કરવાના રહેશે. જે વાહન કોન્ટ્રાકટર ટેન્ડરમાં ફેરવાશે તે વાહન આર.ટી.ઓ. અધિકૃત (ટેક્ષી / મેકસી પાર્સીંગ) કરેલ હોવું જોઈએ અને કોન્ટ્રાકટ ચાલુ થતાં પહેલા જણાવેલ તારીખે અત્રે આર.સી.બુકની ઝેરોક્ષ કોપી, વાહનનું મેન્ટેનન્સ અને સમયાંતરે પી.યુ.સી. સર્ટીફેકટ, અને ખાસ વિમાના ભરેલ પોલીસીના કાગળોની ઝેરોક્ષ કોપી અત્રે આપવાનાં રહેશે.

૫. વાહનની આર.સી.બુકમાં જેનું નામ હશે તે જ નામે ટેન્ડર ભરવાનું રહેશે. ટેન્ડરમાં અલગ નામ અને આર.સી.બુકમાં અલગ નામ હશે તેવા કેસમાં આપેલ વાહન કોન્ટ્રાકટ રદ ગણવામાં આવશે.

**સંઘ / આરડાના નડીયાદ વેટરનરી સેન્ટર માટેનું વાહન કોન્ટ્રાકટ કામગીરી માટેનું ટેન્ડર વર્ષ ૨૦૨૪–૨૦૨૫ માટેનું રજીસ્ટ્રેશન ફોર્મ.**

૧. ટ્રાન્સપોર્ટ કંપની / ટ્રાન્સપોર્ટરનું નામ :____________________________________.

સરનામું. :____________________________________________.

ગામ / શહેર : _______________તાલુકો _____________જિલ્લો _______________પીન કોડ __________.

૨. ટેલીફોન નંબર : ________________________ મોબાઈલ નંબર______________________________.

૩. ઈ–મેઈલ એડ્રેસ :____________________________________________________________.

૪. પાનકાર્ડ નં. : ________________________આધાર કાર્ડ નંબર ______________________________.

બેન્કનો ખાતા નંબર : _____________________બેન્કનું નામ : _______________GST નં._____________.

૫. માલિક / ભાગીદાર / ખાનગી કંપની / પેઢીની વિગત.________________________________________.

(ભાગીદારી પેઢીનો દસ્તાવેજ રજુ કરવો) __________________________________________________.

૬. કેટલા વર્ષથી વાહન કોન્ટ્રાકટનના ધંધામાં છ?______________. આપની માલિકની વાહનોની સંખ્યા____________.

૭. અમૂલ ડેરીમાં વાહન પરિવહનના ધંધામાં કેટલા સમયથી (વર્ષ) થી જોડાયેલા છો? ________________________.

૮. હાલમાં બીજી અન્ય ડેરી / કંપની / સંસ્થામાં આપનો કોન્ટ્રાકટ ચાલે છે?__________મુદત__________________.

૯. ડી.ડી.નંબર:________________________તા.___________બેન્કનું નામ:_______________________.

ડી.ડી.ની રકમ રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) વાહન દીઠ આપવાની રહેશે.

૧૦. આપનું વાહન નડીયાદવેટરનરી સેન્ટર ફેરવવા માંગો છો તેની વિગત નીચેના કોષ્ટકમાં આપવી.

| ક્રમ | સેન્ટર / વિભાગ | વાહનનો પ્રકાર | વાહનનો મોડલ નંબર | વાહન રજીસ્ટ્રેશન નંબર |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

રજીસ્ટ્રેશન કરાવતાં પહેલા અમોએ સદર ટેન્ડરની તમામ શરતો અને નિયમો વાંચેલ અને સમજેલ છે. જે મને / અમોને સ્વીકાર્ય છે.

પ્રોપાઈટર / પેઢીનો સિકકો

નામ :______________________________.

સહી. :______________________________.

મોબાઈલ નંબર:___________________________.

તારીખ : / / ૨૦૨૪

# **કબુલાતનામુ**

તારીખઃ / /૨૦૨૪

પ્રતિશ્રી,

**સી.ઈ.ઓ. (આરડા) સાહેબ,**
**એનીમલ હસ્બન્ડરી વિભાગ,**
**અમૂલ ડેરી આણંદ**

સવિનય હું ______________________________________________.
આપની સંસ્થામાં વાહન કોન્ટ્રાકટ ઓર્ડર મેળવવા માટે ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ શરત **(એ. ૧૦ મુજબ સંઘ કે આરડા કે મંડળીના હોદેદારો અને કર્મચારીઓ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોન્ટ્રાકટ લઈ શકશે નહી. જો આમ કરવામાં આવેલ હશે અને તે બાબતની જાણ ઓફીસ / સંસ્થા / સંઘને થશે તો આપેલ વાહન કોન્ટ્રાકટ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે)**

આ સાથે હું કબુલાત કરૂ છું કે મારે કોઈપણ પ્રકારનો ઉપર દર્શાવેલ શરત મુજબ મારો કોઈ સંબધ નથી. હું મારૂ પોતાની માલીકીનું વાહન આપની સંસ્થામાં વાહન કોન્ટ્રાકટના નિયમો મુજબ ફેરવવા રસ ધરાવુ છું.

નડીયાદ વેટરનરી સેન્ટર માટે વાહન ટ્રાન્સપોર્ટ ટેન્ડર' માં જણાવેલ શરતો, કાયદાકીય બાબતો અને સુચનો મેં બરાબર વાંચ્યા છે. / સમજયા છે અને તે મુજબ હું કામગીર કરવા કબુલાત કરૂ છું.

જો સંસ્થા અથવા સંસ્થાએ નિયુકત કરેલ અધિકારીના ધ્યાનમાં મેં દર્શાવેલ વિગતો પૈકી કોઈપણ માહિતી ખોટી જણાય તો મારો કોન્ટ્રાકટર રદ કરવાનો અધિકાર સંઘને આપું છું. આ મે. ભરેલ રૂા. ૨૦,૦૦૦/– ડિપોઝીટ મને મળવાપાત્ર ઠરશે નહી, અને સંસ્થા / સંઘ નકકી કરે તે મુજબ દંઠ ભરવા હું બંધાયેલ છું.

**કોન્ટ્રાકટરનું પુરૂ નામ :** ______________________________________.

**સરનામું : :** ______________________________________.

**ફોન / મોબાઈલ નંબર :** ______________________________________.

**કોન્ટ્રાકટરની સહી અને સિકકો**

**ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ**

## ટ્રાન્સપોર્ટ કોન્ટાકટ અંગેના સુચનો

૧. સદર ટેન્ડરમાં રસ ધરાવનાર ટ્રાન્સપોર્ટર / પાર્ટીઓએ ટેન્ડરમાં આપવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મ સંપૂર્ણ વિગતો ભરી વાહન દીઠ ડિપોઝીટની રકમ રૂા. ૨૦,૦૦૦/– ના (અંકે રૂા. વીસહજાર પુરા) ''ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદના ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ સહિત અત્રે જમા કરાવવાનું રહેશે.

૨. વધારાની કોઈપણ શરતો મુકયા વગર ટેન્ડર ભરવાનું રહેશે. તેમ છતાં જો શરતો કોન્ટ્રાકટર તરફથી મુકાઈ હશે અને ટેન્ડર સ્વીકારાયુ હશે તો વધારાની શરતો સિવાય સ્વીકાર્ય છે તેમ સમજશો.

**૩. ઓનલાઈન ભાવ ભરતાં સમયે દરેક ટ્રાન્સપોટરે ભાવ પ્રતિ કિલોમીટર દીઠ ભરવાના રહેશે.**

૪. સંસ્થાના નડીયાદ વેટરનરી સેન્ટર માટે એક કોન્ટ્રાકટર એક થી વધુ રજીસ્ટ્રેશન ફોર્મમા ભરી શકશે નહી.

૫. સેન્ટરની ગાડીઓ વર્ષમાં ગમે ત્યારે ચાલુ કરાશે અને બંધ કરાશે તેવા સંજોગોમાં તે વાહન જે–તે સેન્ટરમાં વપરાશે. સામન્ય સંજોગોમાં વાહન નકકી કરેલ સેન્ટર / વિભાગના સ્થળથી શરૂ થશે પરંતુ જયારે વાહન સેન્ટર / વિભાગ પરથી બીજા સેન્ટર / વિભાગનીમાં વાપરવામાં આવશે ત્યારે અલગ મહેનતાણું આપવામાં આવશે નહી.

૬. અમૂલ ડેરી (ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ) ના કોન્ટ્રાકટમાં અગાઉ આપનું વાહન મુકેલ હોય તે સેન્ટર ઈન્ચાર્જનો કામગીરી અંગેનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે.

**૭. કોન્ટ્રાકટરે બેન્કનો ખાતા નંબર, આધાર કાર્ડ, બેન્કની પાસબુકની ઝેરોક્ષ, કેન્સલ ચેક તથા પાનકાર્ડની ઝેરોક્ષ કોપી ફરજીયાત અત્રેની ઓફીસે ટેન્ડર રજીસ્ટ્રેશન ફોર્મની સાથે આપવાની રહેશે.**

૮. કોઈપણ ટેન્ડર મંજુર , અંશત કે નામંજુર કરવું તેની તમામ સત્તા સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રીની રહેશે. જે સૌને બંધનકર્તા રહેશે.

# ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ

## ગ્રામ્ય મંડળીઓના કામ માટેના વાહનોના કોન્ટ્રાકટની શરતો

**વયાખ્યા:** આ શરતો સંઘના પશુપાલન, પશુ ચિકિત્સા, વિસ્તરણ અને દૂધ મંડળીને લગતાં અન્ય વિભાગના કામની ટ્રાન્સપોર્ટ શરતો તરીકે ઓળખાશે.

**'સેન્ટર'** એટલે સંઘે નકકી કરેલ / કરવામાં આવનાર સેન્ટર જેવા કે, આણંદ બાલાસિનોર, બોરસદ, ખંભાત ડાકોર, કપડવંજ, કઠલાલ, ખેડા મહેમદાવાદ, પેટલાદ, તારાપુર, વિરપુર, નડીયાદ અને **'વિભાગ'** એટલે સોસાયટી વિભાગ, સી.ડી. વિભાગ, સી.આર.પી.–સારસા, સી.બી.પી.–ઓડ, ડી.ડી.એફ. એનીમલ બ્રિડીંગ, વેટરનરી સ્ટોર્સ તેમજ ખેડા, આણંદ તેમજ મહીસાગર જિલ્લામાં સંઘ સંચાલિ દૂધ મંડળીઓના ગામ અથવા જે સ્થળે પ્રવૃતિ થશે તે ગામ.

**મેનેજીંગ ડિરેકટર** એટલે સંઘના મેનેજીંગ ડિરેકટર અને **અધ્યક્ષ** એટલે સંઘના નિયામક મંડળના અધ્યક્ષ એ અર્થમાં સમજવાનું રહેશે. **સંઘ** એટલે ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ. જે હવે પછી સંઘ અથવા સંસ્થા તરીકે લખાશે.

કોન્ટ્રાકટર એટલે વાહનના માલિક (રજીસ્ટ્રેશન બુકમાં જેમનું નામ હોય તે વ્યકિત), તે જ વ્યકિત એગ્રિમેન્ટ પર સહી કરી શકશે, જેમણે એગ્રિમેન્ટ પર સહી કરી છે તે જ વ્યકિત કોન્ટ્રાકટર ગણાશે. વાહન એટલે બોલેરો / બોલેરો પીકઅપ / ટેમ્પો ટ્રેકસ / બ્રેઝા / સ્કોર્પીઓ / સ્વીફટ / અર્ટીગા / કલુઝર સમજવાનું રહેશે.

### (એ.) શરતો :

૧. જે વાહન કોન્ટ્રાકટર ટેન્ડરમાં ફેરવાશે તે વાહન આર.ટી.ઓ. અધિકૃત (ટેક્ષી / મેકસી પાર્સીંગ) કરેલ હોવું જોઈએ અને કોન્ટ્રાકટ ચાલુ થતાં પહેલા જણાવેલ તારીખે અત્રે આપેલ ફોમમાં વિગત ભરીને શરત મુજબ વાહનના સઘળા પ્રમાણિત કાગળો સંઘની ઓફીસે આપેલ હશે તો જ વાહન કામ પર લેવામાં આવશે.

**૨. કોન્ટ્રાકટરનું કામ સંતોષકાર ન જણાંતા કોન્ટ્રાકટ કરેલ વાહન કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય બંધ કરવાની સત્તા સંઘની રહેશે. આ પ્રમાણે વાહન બંધ કરવામાં આવે ત્યારે કોઈપણ પ્રકારની રકમ કોન્ટ્રાકટરને પરત આપવામાં આવશે નહી.**

**૩. આપના વાહનનું માસીક બીલનું પેમેન્ટ જી.પી.એસ.(વ્હીકલ ટ્રેકીંગ)સીસ્ટમ મુજબ થતાં કિલોમીટર પ્રમાણે ચુકવવામાં આવશે. જે આપને માન્ય રાખવાનું રહેશે.**

**૪. જી.પી.એસ. મશીનનું (ડીવાઈસ) થતું માસિક ભાડું (સંસ્થા મારફતે જે ભાડું નકકી કરેલ હશે તે) કોન્ટ્રાકટર પાસેથી દર માસના બિલમાંથી વસુલાત કરવામાં આવશે. જે આપને માન્ય રાખવાનું રહેશે.**

૫. સંઘના અધિકારીની પરવાનગી સિવાય બિનઅધિકૃત વ્યકિત કે ચીજવસ્તુ કોન્ટ્રાકટ કરેલ વાહનમાં લઈ જઈ શકશે નહી.

૬. સંઘના અધિકારીની વખતો–વખત ની સુચના પ્રમાણે કોન્ટ્રાકટની તમામ શરતો પરિપૂર્ણ કરવા બંધાયેલા રહેશે અને વાહન અંગેની તમામ ખામીઓ તેનું સમારકામ જણાવેલ સમયમાં કરાવવાનું રહેશે. આમ ન થતાં કોન્ટ્રાકટરની ગાડી કામ પર લેવામાં આવશે નહી અને આ પેટેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

**૭. સદર કોન્ટ્રાકટની મુદત તા. ૦૧.૦૮.૨૦૨૪ થી ૩૦.૧૧.૨૦૨૫ સુધી ૧૬ માસની રહેશે. જે મુદત પુર્ણ થયે સંસ્થાને જરૂર જણાશે તો ચાલુ કોન્ટ્રાકટની શરતોને આધિન વધુ ત્રણ માસ સુધી અથવા તો જરૂર જણાય ત્યાં સુધી કોન્ટ્રાકટ લંબાવવાનો અધિકાર સંઘને રહેશે.**

૮. કોન્ટ્રાકટર આ કરારને પરિપૂર્ણ કરવા જાતે કામ કરે અગર અન્ય માણસોને નોકરીમાં રાખશે તો તે તમામ માણસ / વ્યકિતની સઘળી જવાબદારી જેવી કે તેઓના પગાર, રજાઓ, મળવા પાત્ર ભથ્થા, પી.એફ. તેમજ શ્રમ કાયદાઓ અંગેની ઉપસ્થિત તમામ જવાબદારી અદા કરવાની સઘળી / તમામ જવાબદારી જે તે કોન્ટ્રાકટરની રહેશે.

**૯. કોન્ટ્રાકટના વાહનને અકસ્માત થતા ડ્રાયવર કે બીજી કોઈ વયકિતનું અકસ્મતાને કારણે મૃત્યુ થાય કે ઈજા પામનારને તેમજ અન્ય નુકશાનને કારણે આપવા પાત્ર કાયદેસરના વળતર સહીત તમામ પ્રકારની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સંઘની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.**

૧૦. જે વ્યકિતના નામે ટેન્ડર ભરાયેલ હશે અને મંજુર થયેલ હશે ત્યારે કોન્ટ્રાકટરના સમય દરમ્યાન સંઘ સાથેના પત્ર વ્યવહારમાં તથા અન્ય કામ માટે તેમની જ સહી / સિકકા જોઈશે અને કોઈ કામ અંગે ઓફીસમાં આવવાનુ થાય ત્યારે તે જ કોન્ટ્રાકટર જાતે જ આવવાનું રહેશે.

૧૧. કોન્ટ્રાકટ મંજુર થયા બાદ કરારનામા પર સહી કરવા જણાવેલ તારીખે અને સમયે કોન્ટ્રાકટરે જાતે આવવાનું રહેશે. આમ ન થતાં કોન્ટ્રાકટ રદ કરવાનો અથવા બીજી વ્યકિતને કોન્ટ્રાકટ આપવાનો અધિકાર સંઘને રહેશે. તેવા સમયે ભરેલી ટેન્ડર / સીકયુરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૨. સંઘ, આરડા, કે સંઘ/આરડા સાથે સંયોજીત દૂધ મંડળીના હોદેદારો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોન્ટ્રાકટ લઈ શકશે નહી. જો આમ કરવામાં આવેલ હશે અને ઓફીસની ધ્યાનમાં આવશે તો આપેલ કોન્ટ્રાકટ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.

૧૩. નિયુકત કરેલ કોન્ટ્રાકટર કોઈને આ કામ માટે પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી તેમજ સંઘની મંજુરી સિવાય બીજા કોઈ વાહન કે ડ્રાયવરનો ઉપયોગ કરી શકશે નહી. આમ થશે તો આપેલ કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

**૧૪. કોન્ટ્રાકટર / ડ્રાયવર ને ઓછામાં ઓછો ત્રણ (૩) વર્ષનો ડ્રાઈવીંગનો અનુભવ હોવો જોઈએ તથા જે–તે વ્યકિત એસ.એસ.સી. પાસ હોવો જોઈએ. ડ્રાયવરની ઉંમર ૬૫ વર્ષથી નીચે હોવી તથા શરીરે તંદુરસ્ત હોવા જોઈએ.**

૧૫. વાહન ચલાવનાર કોન્ટ્રાકટર અથવા તો ડ્રાયવરની પાસે આર.ટી.ઓ. પ્રમાણીત ડ્રાઈવીંગ લાયસન્સ હોવુ જોઈએ તથા આર.સી.બુક., મેન્ટેનન્સ અને સમયાંતરે પી.યુ.સી. સર્ટીફેકટ, અને ખાસ વિમાના ભરેલ પોલીસીના કાગળો તૈયાર રાખવાના રહેશે.

૧૬. વાહન ચલાવનાર કોન્ટ્રાકટર / ડ્રાયવરે ફરજના સમય દરમ્યાન તમાકુ / બીડી તથા માદક / નસીલા પદાર્થનું સેવન કરવું કે કરેલુ હોવુ જોઈએ નહી.

૧૭. કોઈ કોન્ટ્રાકટરે કંપનીના નામે ટેન્ડર ભરેલ હશે તો ટેન્ડર ભરતી વખતે કંપનીના ભાગીદારોનું રજીસ્ટર્ડ ખત રજુ કરવું પડશે અને કોન્ટ્રાકટના સ્ટેમ્પ એગ્રીમેન્ટ પર કંપનીના કાગળો, ખર્ચ ચેકો વિગેરે પર સહી અને સિકકા કરવાનો જે વ્યકિતે અધિકાર આપ્યો હશે તે જ વ્યકિત કરી શકશે. કરારની મુદત દરમ્યાન કંપનીના ભાગીદારોમાં ફેરફાર થાય તો તેની જાણ સંઘને એક અઠવાડીયામાં કરવાની રહેશે.

**૧૮. વાહનનું મોડલ વર્ષ ૨૦૨૨ અને તેથી ઉપરના વર્ષનું હોવું જોઈએ.**

૧૯. કોન્ટ્રાકટ સબંધે જો કોઈ મતભેદ ઉભો થાય ત્યારે તે મતભેદના નિરાકરણ માટે સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રી / સંઘના અધ્યક્ષને સુપ્રત કરાશે અને તેઓશ્રી જે નિર્ણય લેશે તે બન્ને પક્ષને બંધનકર્તા રહેશે.

૨૦. કોન્ટ્રાકટ અંગેનો કોઈપણ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ન્યાયક્ષેત્ર (જયુડીશીયલ) આણંદ રહેશે.

## (બ.) – કોન્ટ્રાકટ / કોન્ટ્રાકટરની કામગીરી

૧. ટેન્ડર મંજુર થયેથી સંઘ / સંઘ ધ્વારા નિયુકત કરેલ અધિકારીને વાહનની આર.સી.બુક, વાહનનું કેરીએજ પરમીટ, વાહનના ડ્રાઈવરનું ડ્રાઈવીંગ લાયસન્સ, બેજ અને સુચના મુજબ અસલ દસ્તાવેજો બતાવી દરેકની એક પ્રમાણિત નકલ ઓફીસમાં આપવાની રહેશે તથા સદર દસ્તાવેજોની ચકાસણી માટે અસલ દસ્તાવેજો ફરજીયાત સાથે લાવવાના રહેશે. તેમજ અધિકારીની સુચના મુજબ વાહનમાં યોગ્ય ફેરફાર તેમજ વ્યવસ્થા કરાવવાની રહેશે.

૨. કામમાં મુકેલ વાહન સર્વે રીતે સારી હાલતમાં હોવું જોઈએ. વાહનમાં ડોકટરશ્રીની પશુ સારવારની દવાઓ તથા અન્ય સાધન સામગ્રી મુકવા વ્યવસ્થા હોવી જોઈએ. બેસવાની સીટો ૬ ઈંચ જાડાળ વાળી ડનલોપ અને સ્વચ્છ કવરવાળી હોવી જોઈએ.

**૩. વાહનની અંદર કોન્ટ્રાકટરે ફરજીયાત મોબાઈલ ચાર્જર તેમજ દિશાસૂચક યંત્ર (વ્હીકલ ટ્રેકીંગ) વ્યવસ્થા કરેલી હોવી જોઈએ આ માટે વાહનનીજ બેટરી / કેબલનો વપરાશ થશે જે માટે કોઈ વળતર અપાશે નહી. ભવિષ્યમાં વાહનમાં કેમેરા મુકવામાં આવે તો તે કોન્ટ્રાકટરને માન્ય રાખવાનું રહેશે.**

૪. આરડાના વેટરનરી સ્ટોર્સ પર વેચાણ કરવામાં આવતા પશુઆહાર લઈ જવા / લાવવા માટે અધિકારીની સુચના મુજબ વાહનની અંદર લઈ જવાનું કે લાવવાનું રહેશે.

## (ક.) રજાઓ

૧. દરેક વાહનના કોન્ટ્રાકટરને સંઘ / આરડા તરફથી મહિનામાં ત્રણ (૩) આખી અને બે (૨) અડધી રજા આપવામાં આવશે.

૨. અગાઉથી બદલીમાં બીજી ગાડી મુકવાની મંજુરી મેળવ્યા બાદ, મોટા રીપેરીંગ જેવા કે એન્જીન અથવા અકસ્માતમાં વાહનના બોડીના કામકાજ માટે વર્ષમાં એક વખત એક સાથે દસ (૧૦) દિવસની રજા અપાશે આ માટે ગેરેજના માલસામાન / રીપેરીંગ કર્યા અંગેનું બીલ ફરજીયાત રજુ કર્યા બાદ જ રજા મંજુર થયેલ ગણાશે.

ઉપરોકત રજાઓ માટે અગાઉથી લેખીત માંગણી કરી મંજુરી મેળવવાની રહેશે. અને આ મંજુરી આપવાનો અધિકાર સંઘ / આરડાના અધિકારીશ્રીનો રહેશે. જ અંગે કોઈપણ અવેજ આપવામાં આવશે નહી.

## (ડ.) દંડ અને નુકશાન વસુલાત

૧. નિયત કરેલ સમયમાં વાહન ન આવતા દર કલાક માટે રૂા. ૨૦૦/– દંડ પેટે વસુલાશે. બે કલાકથી વધારે સમય સુધી વાહન ન આવતા કોન્ટ્રકટરે બીજી વ્યવસ્થા કરવાની રહેશે. આમ ન થતાં તે વાહનને ગેરહાજર ગણી પુરા દિવસના રૂા. ૧૦૦૦/– દંડ પેટે વાહનના માસિક બીલમાંથી કોઈપણ સુચના વગર કપાત કરવામાં આવશે.

૨. કામ માટે મુકેલ વાહન મંડળી / ગામ અથવા જિલ્લા બહાર પશુપાલનના / સંસ્થાના કામે જાય ત્યારે જે–તે સ્થળે ગયા પહેલા વાહન બગડે ત્યારે તે ગેરહાજર ગણી રૂા. ૧૦૦૦/– દંડ પેટે વસુલાશે, અને કોન્ટ્રાકટરની ગાડી બગડી હશે ત્યાં સુધીના કિલોમીટરનું ભાડુ ગણત્રી કરીને ચુકવવામાં આવશે. જેનો નિર્ણય સંઘના અધિકારી કરશે.

૩. ડ્રાયવર ગામમાં સભાસદના ઘરે / સ્થળ પર જવાની ના પાડે ત્યારે ગામ દીઠ રૂા. ૨૫૦/– દંડ પેટે વસુલાશે.

૪. કામ પર આવતાં અગાઉ વાહનમાં ડિઝલ / પેટ્રોલ / ઓઈલ વગેરેની વ્યવસ્થા કરીને જ વાહન લાવવું. આમ ન થતાં આવા કેસ દીઠ રૂા. ૨૦૦/– દંડ વસુલ કરવામાં આવશે.

૫. સંઘની ઓફીસ / સેન્ટર / ચીલીંગ સેન્ટર વગેરેની હદમાં ગાડી સાફ / પાણીથી ધોવામાં આવે તો દરેક આવા બનાવમાં રૂા. ૧૫૦/– દંડને પાત્ર થશે.

૬. કોન્ટ્રાકટરે તેમનું વાહન ડયુટી પરના અધિકારી જણાવે તે સ્થળે અને સમયે લાવવાનું રહેશે અને અધિકારી જયાં સુધી ન જણાવે ત્યાં સુધી વાહન સાથે રોકાવવાનું રહેશે આમ ન થતાં રૂા. ૫૦૦/– દંડ વસુલવામાં આવશે.

૭. એક સેન્ટરથી બીજા સેન્ટર પર વાહન કામ માટે મોકલી શકાશે, જો તે બીજા સેન્ટર પર રાત્રે રોકાવવાનું થાય તો રાત્રીના રોકાણ દીઠ રૂા. ૧૫૦/– આપવામાં આવશે. સેન્ટર ઈન્ચાર્જ ઓફીસરની પરવાનગી સિવાય સેન્ટર / ઓફીસ છોડવામાં આવશે તો આવવા જવાના કિલોમીટર અને રાત્રી રોકાણની રકમ મળવા પાત્ર ઠરશે નહી તેમજ વાહન ગેરહાજર ગણી દંડ પેટે રૂ. ૧૦૦૦/– વસુલ કરવામાં આવશે.

૮. સંઘની માલીકીની કોઈપણ ચીજ વસ્તુઓને આપના વાહનમાં બીન–અધિકૃત રીતે લઈ જતા પકડાશે કે માલુમ પડશે તો તેવો બનાવ દીઠ રૂા. ૫૦૦૦/– અગર સંઘના અધિકારી આ અંગે જે કોઈ નિર્ણય લે તે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે અને તે અંગે દંડ ભરપાઈ / કાર્યવાહી કરવાની રહેશે.

૯. એક વખત કામ પતાવી વાહન પરત આવે ત્યારે તુરતજ ઓફીસમાં કામ માટે રીપોર્ટીંગ / નોંધાવવાની રહેશે. આમ ન થતાં ગેરહાજર ગણી રૂા. ૧૦૦૦/– દંડ લેવામાં આવશે.

૧૦. સંઘ તરફથી આપવામાં આવતા ગાડીના નંબરના સ્ટીકર ફરજીયાત ગાડીની આગળ અને પાછળના ભાગે દેખાય તેમ કાચ પર લગાવવાના રહેશે. આમ ન થતાં દંડ પેટે રૂા. ૧૫૦/– પ્રતિ દિવસ પ્રમાણે લેવામાં આવશે.

**૧૧. કોન્ટ્રાકટર શરતો પરિપૂર્ણ કરવા અસમર્થ રહેશે, અસંતોષકારક કામને લીધે વાહનનો વપરાશ બંધ કરવામાં આવે અથવા કોન્ટ્રાકટના સમય દરમ્યાન કોન્ટ્રાકટર વાહન કામ માટે ના મોકલે તેવા સર્વે બનાવોમાં કોન્ટ્રાકટ પેટે ભરેલ સીકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.**

૧૨. ઉપરોકત વિષયમાં દંડની રકમ કોન્ટ્રાકટરના વાહનના માસિક બીલ / સંઘ નકકી કરે તે મુજબ કપાત કરવામાં આવશે. જે અધિકાર અધિકારીશ્રીનો રહેશે, જે અંગે કોઈપણ અવેજ આપવામાં આવશે નહી.

## (ઈ.) – કોન્ટ્રાકટરે ભરવાની સીકયુરીટી ડીપોઝીટની રકમ

દરેક કોન્ટ્રાકટરે ટેન્ડર રજીસ્ટ્રેશન ફોર્મ ભરતી વખતે **ડીપોઝીટ પેટે વાહન દીઠ ભરવાની થતી રકમ રૂા. ૨૦,૦૦૦/– નો ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ. ના નામનો ડીમાન્ડ ડ્રાફટ આપવાનો** રહેશે. સદર ટેન્ડર મંજુર કરવામાં ન આવે તો ત્રણ માસમાં આ ડીપોઝીટની રકમ (વ્યાજ / ઈન્ટરેસ્ટ સિવાય) પરત કરવામાં આવશે. પરંતુ મંજુર થાય તો ટેન્ડરની શરત અનુસાર નકકી કરેલ ડીપોઝીટની રકમ જમા રાખવામાં આવશે. જેની પર કોઈપણ પ્રકારનું વ્યાજ આપવામાં આવશે નહી.

## (એફ.) અન્ય શરતો

૧. જેમનું ટેન્ડર મંજુર થશે તેમને અત્રેથી જણાવેલ તારીખે અને સમયે સંઘની ઓફીસે રૂબરૂ આવી કોન્ટ્રાકટ માટે કોન્ટ્રાકટરે સંઘ સાથે રૂા. ૩૦૦/– ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પર એગ્રીમેન્ટ કરવાનું રહેશે. જરૂરી સ્ટેમ્પ ડયુટી અંગે જે કોઈ જવાબદારી નકકી થાય તે અદા કરવાની જવાબદારી પણ કોન્ટ્રાકરની રહેશે. સીકયુરીટી ડીપોઝીટની કોન્ટ્રકટ પુરો થયેથી ત્રણ માસમાં પરત અપાશે.

૨. સંઘના અધિકારી ધ્વારા વખતો વખત વાહનનું સ્પીડોમીટર તથ અન્ય ચકાસણી કરશે, તે દરમ્યાન જો કોઈ ખામી જણાશે તો જણાયેલ ખામી અગાઉ ચકાસણી થયેલ સમય દરમ્યાન વધુ અપાયેલ કિલોમીટરની રકમ કોન્ટ્રાકટરના બીલમાંથી કપાશે અને રૂા. ૫૦૦/– દંડ લેવામાં આવશે.

૩. કોન્ટ્રાકટરે અગાઉના માસનું બીલ પછીના માસની પહેલી (૧) તારીખ સુધીમાં સંઘની ઓફીસે ફરજીયાત આપવાનું રહેશે. બીલ ઉપર કોન્ટ્રાકટરના નામનો સિકકો તથ સહી ફરજીયાત કરવાની રહેશે. તેમજ કોન્ટાકટ શરૂ થતાં પહેલા કોન્ટ્રાકટરે સંઘે જણાવેલ બેંકનો ખાતા નંબર અને પાનકાર્ડની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

૪. કોઈપણ કારણોસર કોન્ટ્રાકટર સમયસર મંજુર થયેલ વાહન ન મોકલે તો બીજુ વાહન નિયમોનુસાર મોકલવાની જવાબદારી જે–તે કોન્ટ્રાકટરની રહેશે, આમ ન થતાં વાહનને ગેરહાજર ગણી રૂા. ૧૦૦૦/– દંડ પેટે લેવામાં આવશે.

૫. કોન્ટ્રાકટના સમય દરમ્યાન કોઈ કોન્ટ્રાકટરે મંજુર થયેલ વાહનની બદલીમાં અન્ય વાહન મુકવાનું થાય તો તે વાહન ફકત એક માસ માટે અગાઉ લેખીત મંજુરી મેળવીને મુકવાનું રહેશે.

**૬. કોન્ટ્રાકટ મળ્યા બાદ ડીઝલ / પેટ્રોલના ભાવ વધે કે ઘટે ત્યારે વધારાની થતી રકમ આપવાની અને કાપવાની ગણતરી માટે ડીઝલનો વપરાશ વાહન દીઠ ૧૦ કિલોમીટર દીઠ ૧ લીટર પ્રમાણે ગણીને ડિઝલ ભાવ માસિક સરેરાશ રૂા. ૧/– કે તેથી વધુ રકમનો વધારો કે ઘટાડો થશે તો તે આપવા–લેવાનો રહેશે. આ ડીઝલ વધારો કે ઘટાડો પછીના માસની પહેલી તારીખથી જ અમલમાં આવશે. ડીઝલના બદલે પેટ્રોલ / ગેસનું વાહન હશે તો પણ ડીઝલનું ગણીને કિલોમીટર દીઠ ચાલતો ભાવ અપાશે.**

૭. કામની સરળતા માટે જયારે વાહનનો વપરાશ વધે ત્યારે વાહનની સલામતી અને વાહનમાં બેઠેલ વ્યકિતઓની સલામતી માટે બીજા ડ્રાયવરની વ્યવસ્થા કરવી જરૂરી છે. જેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. એક વ્યકિત જ ડ્રાયવર તરીકે બે પાળીમાં /કોન્ટ્રાકટરની નીચે ફરજ બજાવી શકશે નહી.

**૮. ચાલુ કોન્ટ્રાકટ દરમ્યાન સંઘને જરૂર જણાય તો કોન્ટ્રાકરે બીજી વધારાની ગાડી મુકી હશે તો તે સમય દરમ્યાન આજ ટેન્ડરની શરતોને આધિન રહી જે–તે વાહનના પ્રવર્તમાન ભાવ મુજબ ભાડાની ચુકવણી કરવામાં આવશે.**

૯. સંઘને જયારે પણ જણાય ત્યારે અન્ય કામ માટે કોન્ટ્રાકટ સિવાયની ગાડીઓ ઉપયોગમાં લઈ શકાશે, તે માટે કોન્ટ્રાકટ કોઈ વાંધો લઈ શકશે નહી.
૧૦. કોન્ટ્રકટરે પોતાના વાહનનો ગેટપાસ અવશ્ય બનાવડાવવાનો રહેશે, ગેટપાસ શરૂ અને બંધ થયા મુજબ જ થતા કિલોમીટરની રકમ ચુકવવામાં આવશે. ગેટપાસ ન બનેલ કિસ્સામાં કિલોમીટરની રકમ ચુકવવા પાત્ર ઠરશે નહી. ગેટપાસની કોપી ડ્રાયવર / કોન્ટ્રાકટરે સંભાળીને રાખવાની રહેશે. જે જરૂર જણાયે મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.
૧૧. સામન્ય રીતે વાહનો આવ્યાના ક્રમ મુજબ કામ માટે મોકલવામાં આવશે, આમ છતાં કયું વાહન કયાં મોકલવું તે અંગે નિર્ણય કરવાની સત્તા ફરજ પરના અધિકારીને રહેશે.
૧૨. સામાન્ય સંજોગોમાં વાહન નકકી કરેલ સેન્ટરેથી શરૂ અને બંધ થશે. સંજોગોવશાત જયારે વાહન એક કે બીજા સ્થળે વાપરવામાં આવશે ત્યારે કોઈ અલગ મહેનતાણું આપવામાં આવશે નહી.
૧૪. વાહનનો ઉપયોગ કયાં અને કેવી રીતે કરવો તે સંઘના અધિકારી નકકી કરે તે મુજબ કોન્ટ્રાકટર / ડ્રાયવરે વર્તવાનું રહેશે.

## (એચ.) કાયદાકીય શરતો

૧. સંઘ અગર મંડળીની મિલ્કતને કોન્ટ્રાકટરના વાહનથી નુકશાન થશે તો કોન્ટ્રાકટરના બીલમાંથી સંઘ નકકી કરે તે મુજબની નુકશાની વસુલ કરાશે.
૨. કોન્ટ્રાકટર / ડ્રાયવર વ્યકિત કે સામુહિક રીતે ફરજના કામ માટે વાહનો ન લાવે તેવા સંજોગોમાં સંઘ તરફથી અન્ય વ્યવસ્થા કરવામાં આવતા જે ખર્ચ થશે તેની અથવા સંઘ નકકી કરે તે રકમ ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.
૩. કોન્ટ્રાકટર આ કરારને પરિપૂર્ણ કરવા જાતે કામ કરે અગર ડ્રાયવરને નોકરીમાં રાખશે તો તે ડ્રાયવર અંગેની સઘળી જવાબદારી જે–તે કોન્ટ્રાકટરની જ રહેશે. વળી શ્રમ–કાયદા અંગેની તમામ જવાબદારીઓ કોન્ટ્રાકટરે અદા કરવાની રહેશે. જેવા કે કામદાર / ડ્રાયવરને લેબરલોઝ સબંધીત લાગુ પડતા તમામ રેકર્ડસ, પગારપત્રક વગેરે જાળવવા અને નિભાવવાની અને સબંધિત કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.
**૪. કોઈપણ કોન્ટ્રાકટર / ડ્રાયવર નશાની હાલતમાં હશે અથવા તો ડોકટર કે અન્ય સ્ટાફ સાથે ગેરવર્તણુંક કરશે તો તુરત જે-તે કોન્ટ્રાકટર / ડ્રાયવરને કામમાંથી છુટો કરવા અને અથવા કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે, અને કસુરવાર કોન્ટ્રાકટર / ડ્રાયવર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.**
૫. કોન્ટ્રાકટ મંજુર થયા બાદ કરારનામાં પર સહી / સિકકા કરવા જણાવેલ તારીખે અને સમયે રજીસ્ટેશન બુકમાં જેનું નામ હોય તેમણે જ કોન્ટ્રાકટર તરીકે આવવાનું રહેશે. આમ ન થતાં કોન્ટ્રાકટર રદ કરવો કે બીજી વ્યકિતને કોન્ટ્રાકટ આપવાનો અધિકાર સંઘનો રહેશે.
૬. કોન્ટ્રાકટની સમય મર્યાદા, કોન્ટ્રાકટની શરતો, રજાઓ દંડની રકમ અને નિયમોમાં ફેરફાર અથવા સુધારો કરવાનો અધિકાર સંઘ ( ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ) ના મેનેજીંગ ડિરેકટરશ્રી / અધ્યક્ષશ્રી ને રહેશે. જે સૌને બંધનકર્તા રહેશે.
**૭. વાહન કોન્ટ્રાકટ અંગે જો કોઈ મતભેદ ઉભો થાય ત્યારે તે મતભેદના નિરાકરણ માટે સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રી / સંઘના અધ્યક્ષશ્રીને સુપ્રત કરાશે અને તેઓશ્રી જે નિર્ણય લેશે તે બન્ને પક્ષોને બંધનકર્તા રહેશે.**
૮. કોન્ટ્રાકટ અંગે કોઈપણ કાયદાકીય પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે આણંદ જયુડીશીયલ રહેશે.

**તારીખઃ / / ૨૦૨૪** **કોન્ટ્રાકટરની સહી સિકકો**